# નાઇરોબીના કિશોરને નવજીવન મળ્યું




અમદાવાદની HCG મેડિસર્જ હોસ્પિટલના ડોક્ટરોએ સાત કલાક સુધી જોખમી સર્જરી કરીને ઝુકટ્રા રિનલ એરોટિક એન્યુરિઝમથી પીડાતા કેન્યાના ૧૪ વર્ષીય માઇકલ મવાન્ગીને પેટના દુખાવા અને બ્લડપ્રેશરની તકલીફ હતી. ડોક્ટરોની તપાસ બાદ એવું નિદાન થયું કે, માઇકલને કિડની, પેટ અને આંતરડાને લોહીનો પુરવઠો પૂરો પાડનારી ધમનીમાં સોજો હતો જેને તબીબી ભાષામાં બલુનિંગ કહે છે જેથી શસ્ત્રક્રિયા અથવા તો વાસ્ક્યુલર સ્ટેન્ટિંગ જ એક માત્ર ઈલાજ હતો. કેન્યામાં આ રોગની સારવાર ઉપલબ્ધ જ નથી. દારુણ ગરીબીમાં જીવતા માઈકલને મદદરૂપ થવા કેન્યા સ્થિત કચ્છી લેઉઆ સમાજે સારવાર પેટે રૂ.૬ લાખ આપવાનું નક્કી કરી તેને અમદાવાદમાં HCG મેડિસર્જ હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલ્યો હતો. HCG મેડિસર્જ હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ.ભરત ગઢવીએ જણાવ્યું કે, આટલી વયે આ બીમારી ભાગ્યે જ જોવા મળે છે. માઈકલના તમામ રિપોર્ટના અંતે કાર્ડિયાક સર્જન ડૉ.ભૂપેશ શાહ સહિતના ડોક્ટરોની ટીમે આઠ કલાકની કઠિન સર્જરી બાદ સફળતા હાંસલ થઇ હતી. એક મહિનાની સારવારના અંતે માઈકલ આજે સ્વસ્થ છે અને તા. ૨૪મીએ તે કેન્યા પરત ફરશે.